ક્રમાંક : હિસાબી-૪/સી.એમ.ફંડ/૨૦૨૦-૨૧/૬૩૦૯-૪૯૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા. ૦૭/૦૪/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત મા. અને ઉ.મા શાળાઓ, તમામ.
બિનસરકારી અનુદાનિત પી. ટી. સી. કોલેજો, તમામ.
બિનસરકારી અનુદાનિત સંસ્કૃત પાઠશાળાઓ, તમામ.
જિલ્લો-બનાસકાંઠા.

વિષય : એક દિવસનો પગાર માન. મુખ્યમંત્રીશ્રી ના રાહત ફંડમાં જમા કરાવવા બાબત.
સંદર્ભ : નાયબ શિક્ષણ નિયામકશ્રી (માધ્ય), કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૦ ના પત્ર: ધ-માધ્ય/પરચ/૨૦૨૦/૮૯૦૨-૯૪૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર નોવેલ કોરોના **(COVID-19)** વાયરસના સંક્રમણને નિયંત્રણ રાખી શકાય તે હેતુ થી ગુજરાત રાજ્યની બિનસરકારી મા. અને ઉ.મા. શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સંઘો દ્વારા આચાર્ય, શિક્ષકો, અને કર્મચારીઓનો એક દિવસનો પગાર બિલમાંથી કાપી માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવા અંગે સહમતી આપેલ છે. જે આ મહામારીના સમયમાં માનવતાવાદી વલણ છે. જે અન્વયે અત્રેનાં જિલ્લા હસ્તકની બિનસરકારી મા. અને ઉ. મા. શાળાઓ, બિનસરકારી અનુદાનિત પી. ટી. સી. કોલેજો, બિનસરકારી અનુદાનિત સંસ્કૃત પાઠશાળાઓનાં માહે એપ્રીલ-૨૦૨૦ પેઈડ ઇન મે-૨૦૨૦ નાં પગાર ચુકવતી વખતે એક દિવસનાં પગારની રકમ માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડ માં જમા કરાવવાની થાય છે.

સદર રકમની કપાત સીધી જ **iNDEXTb**, ગાંધીનગર દ્વારા કરવાની હોઈ આ સાથે સામેલ નમૂના મુજબનું સમતિ પત્રક શાળા/કોલેજ/પાઠશાળાઓનાં આચાર્યશ્રીઓએ બિન ચુક દિન-૪ માં અત્રેની કચેરીએ મોકલી આપવાનું રહેશે. શાળાના આચાર્યશ્રી એ દરેક કર્મચારીશ્રીની સંમતિ મેળવી શાળા કક્ષાએ રાખવાની રહેશે.

નોંધ :

બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ, બિનસરકારી અનુદાનિત પી. ટી. સી. કોલેજો, બિનસરકારી અનુદાનિત સંસ્કૃત પાઠશાળાઓના સંમતિ પત્રક **hisabi4bnsdeo@gmail.com** પર મોકલી આપવાનાં રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
પાલનપુર, બનાસકાંઠા

બિડાણ : સંમતિ પત્રક.

Scanned with CamScanner

## માન. મુખ્યમંત્રીશ્રીનાં રાહત ફંડમાં એક દિવસનો પગાર જમા કરાવવા અંગેનું

## સંમતિ પત્રક

શાળાનું નામ :

તાલુકો :

આચાર્યશ્રીનું નામ :

મોબાઈલ નંબર :

| ક્રમ | એમ્પ્લોઈ નંબર | કર્મચારીનું નામ | હોદ્દો | સંમતિ આપેલ છે | સંમતિ આપેલ નથી. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

પ્રમાણપત્ર :

ઉપરોક્ત દર્શાવેલ યાદી મુજબનાં તમામ કર્મચારીઓ અત્રેની શાળામાં ફરજ બજાવે છે તથા એક પણ કર્મચારીનો આ યાદીમાં સમાવેશ કરવાનો રહી ગયેલ નથી. તેમને રાજી ખુશીથી સ્વૈચ્છાએ માહે એપ્રીલ–૨૦૨૦ પેઈડ ઈન મે–૨૦૨૦ નાં પગાર માં થી એક દિવસનાં પગાર ની કપાત કરી માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવા અંગે સંમતિ આપેલ છે. તેઓએ આપેલ સંમતિ અત્રેની શાળાએ રાખવામાં આવેલ છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શાળાના આચાર્યશ્રીની સહિ/સિક્કો

Scanned with CamScanner